ફેબ્રુઆરી ૨૦૧૭

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ


તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૬
સળંગ અંક : ૧૦૨
ફેબ્રુઆરી ૨૦૧૭



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


## ધીરજ



## સંપાદકીય

બાળમિત્રો,

'ધીરજના ફળ મીઠાં' - આ કહેવત આપણે અત્યાર સુધીમાં કંઈ કેટલીયે વાર સાંભળી હશે. એના વિષેની બોધકથાઓ પણ વાંચી હશે. છતાં આપણે હજુ ધીરજ રાખી શકતા નથી. જ્યાં જૂઓ ત્યાં રઘવાટ, રઘવાટ ને રઘવાટ. અને એનાથી કામ સુધરવાની બદલે ઉલટા બગડ્યા છે. માટે આપણી સમજણમાં ક્યાંક ભૂલ રહી જાય છે, એ નક્કી છે.

તો આવો, જોઈએ પરમ પૂજ્ય દાદાશ્રી આ અંગે શું કહે છે. એમની સમજણ આપણને આ અંકમાંથી મળશે, જે આપણને સહેજાસહેજ ધીરજ કેળવવામાં ઉપયોગી થઈ પડશે.

-ડિમ્પલ મહેતા



# દાદાજી કહે છે...

દાદાશ્રી : કોઈવાર ફ્રેન્ડ આપણા પર વગર વાંકે ચિઢાયો હોય તો આપણે એવું ના સમજવું જોઈએ કે આ ઘેર લડીને આવ્યો હશે અથવા તો રસ્તામાં કંઈ ઝઘડો થયો હશે ? એ મૂડમાં ન હોય, એટલે આપણે એને ટાઢો પાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. એની જોડે જો આપણે ચિઢાઈએ તો શું થાય ?

એટલે આપણે જરા ધીરજ પકડવી જોઈએ કે આ ગાડી ગરમ થઈ ગઈ છે, જરા ઠંડી પડવા દો. પછી ધીમે રહીને વાતચીત કરીએ અને તે વાતેય સુંવાળી કરીએ પાછી, એને જરા ટાઢો કરીએ. સમજીને કામ ના લેવું જોઈએ ? ગાડી ગરમ થઈ જાય તો એની જોડે કામ લો છો સરસ, પણ અહીં નથી આવડતું.

પ્રશ્નકર્તા : આપણે ઘણીવાર સમજાવીએ છતાં એ ના સમજે તો શું કરવું ?

દાદાશ્રી : સમજાવવાની જરૂર જ નથી. પ્રેમ રાખો. છતાં આપણે એને સમજણ પાડીએ, ધીમે રહીને.

પ્રશ્નકર્તા : પણ એવી ધીરજ હોવી જોઈએને ?

દાદાશ્રી : ધીરજ રાખવા જેવી વસ્તુ નથી, ધીરજ શીખવા જેવી વસ્તુ છે. ધીરજ કેવી રીતે શીખાય ? ધીરજવાળા પાસે બેસવાથી, ધીરજવાળાને જોવાથી શીખાય.

પ્રશ્નકર્તા : એટલે આપે કહ્યું તેમ, ધીરજ પકડે તો કોઈ પણ કામમાં એની મેળે ગોઠવણી થઈ જાય ?

દાદાશ્રી : ધીરજ રાખો તો બધા રસ્તા એની મેળે સરળતાથી નીકળે જ. પણ આ તો ધીરજ નથી રહેતી અને દોડધામ કરી મેલે છે ને બધું બગાડે છે.

પ્રશ્નકર્તા : ધીરજ નથી રહેતી અને આમ કરું તેમ કરું એમ થઈ જાય છે.

દાદાશ્રી : હા, અને આમ કરી નાખું, તેમ કરી નાખું એનાથી બધું ગૂંચવી નાખે છે. ટ્રેન પકડવાની હોય ત્યાંય એને ધીરજ ના રહેતી હોય, ત્યાં નિરાંતે ચા પીએ ખરો ? ના. એને તો ગાડી હમણાં આવશે, ગાડી હમણાં આવશે, એમાં જ હોય. એને કહીએ કે 'ભાઈ, જરા અહીં આવોને, વાતચીત કરવી છે.' પણ તોય એ સાંભળે નહીં, તેવું આ અધીરજથી આમ કરી નાખું, તેમ કરી નાખું કરે છે. પછી એવો જ ક્લેશ ને થાક અનુભવે છે.



# ધીરજની કસોટી

"મંત્રીજી, મારો પોશાક તૈયાર થયો કે નહીં?" યુવરાજે ઊંચા સ્વરે મંત્રીને પૂછ્યું.

"કુંવરજી, બસ બે દિવસમાં તૈયાર થઈ જશે. થોડી ધીરજ ધરો", મંત્રીએ યુવરાજને સૂચવ્યું.

પણ યુવરાજ ધીરજ લાવે ક્યાંથી ? યુવરાજમાં તો ધીરજનો છાંટો પણ ના મળે. કોઈ કામ શરૂ થાય, કે "પૂરું થયું કે નહીં..."ની બૂમો શરૂ થઈ જાય. કોઈ કામમાં જરા રાહ જોવી પડે તો રોષે ભરાઈને બધાને દોડધામ કરાવી મૂકે ને બધું બગાડે.

રાજાએ ઘણી વાર યુવરાજને સમજાવવાની કોશિશ કરી. પણ કંઈ ના વળ્યું. ઘણી વાર રાજા ચિંતામાં ડૂબી જતા, "યુવરાજ ધીરજ વગર, રાજ કેવી રીતે ચલાવશે?"

એક દિવસ, રાજાએ રાજગુરૂને પોતાની ચિંતા વ્યક્ત કરી, "ગુરૂજી, કાલ ઊઠીને યુવરાજ રાજા બનશે. જો રાજામાં ધીરજ ના હોય, તો પ્રજાની શું હાલત થાય !" હાથ જોડીને રાજાએ રાજગુરૂને વિનંતી કરી, "તમે યુવરાજને ધીરજ શીખવાડશો?"

થોડું વિચારીને ગુરૂજી બોલ્યા, "ધીરજ તો જોઈને શીખાય. ધીરજવાળા સાથે રહેવાથી ધીરજ શીખાય. યુવરાજને એક વર્ષ સુધી મારી સાથે મોકલશો?"

રાજા તરત માની ગયા. બીજા દિવસે, રાજગુરૂ યુવરાજને લઈને નીકળી પડ્યા. હજી તો થોડો સમય વીત્યો, ત્યાં તો યુવરાજને અધીરાઈ થઈ.

"ગુરૂજી, આપણે ક્યાં જઈ રહ્યા છીએ?, યુવરાજે પૂછ્યું

"થોડી ધીરજ ધરો યુવરાજ," ગુરૂજીએ સૂચન કર્યું.

પણ યુવરાજ ધીરજ ક્યાંથી ધરે ? પ્રવાસ દરમિયાન એકનો એક સવાલ યુવરાજે અનેક વાર ગુરૂજીને પૂછ્યો. પણ યુવરાજની અધીરાઈ જોઈને ગુરૂજીએ ધીરજ ના ગુમાવી.

ઘણો સમય વીત્યો. આખરે ગુરૂજી યુવરાજને લઈને પોતાના નિર્ધારિત સ્થળે આવી પહોંચ્યા. નદી કિનારે એક નાનકડી ઝૂંપડી તરફ ઈશારો કરતા ગુરૂજીએ કહ્યું, "યુવરાજ, આપણે થોડો સમય અહીંયા રહીશું."

"અહીંયા ? આ ઝૂંપડીમાં ?" યુવરાજના સ્વરમાં ભારે નિરાશા હતી.

"હા," ગુરૂજીએ ટૂંકો જવાબ આપ્યો.

"થોડો સમય? થોડો એટલે કેટલો ગુરૂજી?" પૂછ્યા વગર યુવરાજથી રહેવાયું નહીં

"એ તો તમારા પર આધારિત છે યુવરાજ. સમય વેડફ્યા વગર આપણે ભોજનની તૈયારી કરીએ. હું ચૂલો સળગાવું છું. તમે આ કુંજામાં થોડું પાણી ભરી લાવો."

ગુરૂજીએ ચૂલો સળગાવ્યો અને માટીની હાંડી ચૂલા પર મૂકી. એક પોટલીમાંથી ચોખાના દાણા હાંડીમાં ઠાલવ્યા. કુંજામાંથી પાણી હાંડીમાં રેડતા ગુરૂજીએ યુવરાજને કહ્યું, "જે દિવસે તમે ભાત બનાવશો, તે દિવસે આપણે રાજ્યમાં પાછા ફરશું."

**હાથ જોડીને રાજાએ રાજગુરૂને વિનંતી કરી, તમે યુવરાજને ધીરજ શીખવાડશો ?**

"ખરેખર ?" યુવરાજના મુખ પર એક મોટું સ્મિત ફરક્યું "કાલે સવારે જ હું તમને ભાત રાંધીને ખવડાવીશ."

"તમારો ઉત્સાહ જોઈને હું ખુશ થયો યુવરાજ. પણ મારી એક શરત છે ! જે માટીની હાંડીમાં આપણે ભાત રાંધીશું, તે તમારે જાતે બનાવવાની રહેશે. એટલું જ નહીં, ચોખા પણ તમે ખુદ પકાવેલા હોવા જોઈએ."

યુવરાજનું સ્મિત ગાયબ થઈ ગયું.

બીજા દિવસે ગુરૂજી યુવરાજને ગામના કુંભાર પાસે લઈ ગયા.



"ભાઈ, આ યુવાનને માટીની હાંડી બનાવતા શીખવશો ? રોજગાર માટે એને મદદરૂપ થશે. બદલામાં એ તમને કામમાં મદદ કરશે." ગુરૂજીએ કુંભારને નિવેદન કર્યું. કુંભાર તો રાજી થઈ ગયો.

"બેસ ભાઈ, અહીંયા નજીક બેસ," માટીનો ગોળો પૈડાં પર મુકતા કુંભાર બોલ્યો, "સાવ સહેલું કામ છે. મને જોઈને તું પણ શીખી જઈશ."

ધીરજ અને એકાગ્રતાથી કુંભારે માટીના ગોળાને હાથથી આકાર આપ્યો. બનીને તૈયાર થયો એટલે કુંભારે સાચવીને ગોળાને પૈડા પરથી ઉતાર્યો અને સૂકવવા મૂક્યો. સૂકાઈ ગયો એટલે ભટ્ટીમાં તપાવવા મૂક્યો.

આ આખી પ્રક્રિયા જોઈને યુવરાજને તો તાવ ચડી ગયો. "આનો તો ક્યારે પાર આવશે ! ક્યારે હું બનાવતા શીખીશ અને ક્યારે રાજ્યમાં પાછો ફરીશ."

"ભાઈ હવે તું પ્રયત્ન કર," કુંભારે માટીનો ગોળો યુવરાજના હાથમાં ધર્યો.

યુવરાજે ગોળો પૈડા પર મૂક્યો, ત્યાં તો એ ભાંગી પડ્યો. કુંભારે ફરી યુવરાજને સાચી રીત શીખવી. પણ, ગોળો ફરી ભાંગી પડ્યો.


આમ ઘણાં દિવસો સુધી ચાલ્યું. યુવરાજ શીખતા શીખતા અધીરા બની જતા, પણ કુંભાર શીખવતા ક્યારેય ધીરજ ના ગુમાવતો.

કુંભારની ધીરજ યુવરાજના દિલમાં ચોંટી ગઈ. "ધન્ય છે આ કુંભારને ! ધીરજ રાખીને કેવો આનંદમાં રહે છે. મારા જેવો

ડફોળ શિષ્ય જો મને મળ્યો હોત, તો મેં તો એને ક્યારનો ભગાવી દીધો હોત. અને આ કુંભારે તો મારી સાથે એક વાર પણ ઊંચા સ્વરે વાત નથી કરી.'' આમ, મનોમન યુવરાજે કુંભારની ધીરજની પ્રશંસા કરી અને પોતાને પણ એવી ધીરજ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરી.

આમ દિવસો વીત્યા. ધીરે ધીરે યુવરાજ પણ ધીરજથી કામ કરવા લાગ્યા. જેમ જેમ યુવરાજ ધીરજથી કામ કરતા ગયા, તેમ તેમ એમની કામમાં એકાગ્રતા વધતી ગઈ અને એમને કામમાં આનંદ પણ આવવા લાગ્યો. તૂટતા-ભાંગતા, આખરે એક દિવસ યુવરાજની હાંડી બની ગઈ. દિલથી કુંભારનો પાડ માની, યુવરાજ હાંડી લઈ ગુરૂજી પાસે પહોંચ્યા. ગુરૂજીએ યુવરાજને ખૂબ શાબાશી આપી.

બીજા દિવસે યુવરાજ ગુરૂજી સાથે ખેડૂત પાસે પહોંચ્યા. કુંભાર પાસે શીખેલી ધીરજ યુવરાજને ખેતી કરતા ખૂબ કામમાં આવી. વાવણી અને લણણી વચ્ચેનો કાળ યુવરાજે ધીરજથી ગાળ્યો. ચાર-છ મહિના રહીને જ્યારે ખેતરમાં પાક ઊગ્યો, ત્યારે પોતાની ધીરજનું ફળ જોઈને યુવરાજ ખૂબ હરખાયા. ચોખાની બોરી લઈને, યુવરાજ ગુરૂજી પાસે પહોંચ્યા.



ગુરૂજી, આજે હું આપને ભાત રાંધીને ખવડાવીશ, એમ કહી યુવરાજે બે મુઠ્ઠી ચોખા, માટીની હાંડીમાં નાખ્યા.

હજી તો થોડી ક્ષણો થઈ, ત્યાં તો ગુરૂજી બોલ્યા, યુવરાજ, ભાત રંધાયો કે નહીં? હજુ કેટલી વાર?''

''બસ, ગુરૂજી થોડીવાર,'' યુવરાજે શાંતિથી જવાબ આપ્યો. ભાત રંધાયો ત્યાં સુધીમાં તો ગુરૂજીએ આ એકનો એક પ્રશ્ન અનેક વાર પૂછી કાઢ્યો. પણ યુવરાજે ધીરજ ના ગુમાવી.

ભોજન કરતી વખતે ધીમા અવાજે યુવરાજ બોલ્યા, ''ગુરૂજી, આજે મને અહેસાસ થયો કે મારી અધીરાઈથી મેં બીજાને કેટલું દુઃખ આપ્યું છે. પણ હવે મેં ધીરજનું ફળ ચાખી લીધું છે. હવે ક્યારેય હું મારી અધીરાઈથી બીજાને દુઃખ નહીં આપું.''

ગુરૂજી યુવરાજને જોતા જ રહી ગયા. એમણે એક સંતોષનો ઓડકાર ખાધો અને મનોમન પોતાના ભાવિ રાજાને વંદન કર્યા.

**અં**તવાળી છે દરેક વસ્તુ માટે ધીરજ ધરો.

અમારે ત્યાં એક પાર્ટનર ભાઈ હતા. એ ખરાબ લતે ચઢી ગયેલા. એ રાતે બે વાગે આવે. એટલે પછી ઘરમાં બધા વિચારવા લાગ્યા કે ભાઈ, આમના માટે શું કરીશું ? આમને વઢવું, મારવું કે ઘરમાં પેસવા ના દેવા કે આનો શો ઉપાય કરવો ?

મેં એમને કહ્યું કે કશું જ બોલવાનું નહીં. એ જ્યારે આવે ત્યારે આવો, જ્યારે જાય ત્યારે જાવ. આપણે રાઈટેય નહીં બોલવાનું કે રોંગેય નહીં બોલવાનું, રાગેય નહીં રાખવાનો કે દ્વેષેય નહીં રાખવાનો. સમતા અને કરુણા રાખો.

તે ત્રણ-ચાર વર્ષ પછી એ ભાઈ ફર્સ્ટ ક્લાસ થઈ ગયો. પણ ચાર વર્ષ સહન કર્યું આ બધું. કારણ કે દરેક વસ્તુ એન્ડવાળી હોય છે. તમારી ધીરજ જોઈએ. અને વખતે એન્ડ નહીં હોય, લાંબા કાળનું હશે તોય લઢીને કે મારીને તમે એમાં હેલ્પ નથી કરતા, એનું વધારે નુકસાન જ કરો છો. તમારી જાતનું નુકસાન કરો છો ને સામાનુંય નુકસાન કરો છો. સુધારી તો કોણ શકે ? સુધરેલો હોય તો સુધારી શકે. આપણે સુધરેલા હોય તો સામાને સુધારીએ, પણ આપણામાં જ ઠેકાણું ના હોય ત્યાં ?


પ્રશ્નકર્તા : સુધરેલો કોને કહેવાય ? એની વ્યાખ્યા શું ?


દાદાશ્રી : પેલા માણસને તમે વઢોને તોય એને પ્રેમ દેખાય એમાં. તમે એને ઠપકો આપો તોય એને પ્રેમ જ દેખાય, કે ઓ.. હો.. હો.. આમનો કેટલો બધો પ્રેમ છે મારી ઉપર !

# દાદાની શોધખોળ




# તારણ પહેલાં ધીરજથી કામ લો





મને તો એ હાથી ગાંડો લાગે છે. એનાં સુપડા જેવા કાનની અંદર ચાંચથી એવો ઘા કરીએ કે ભાગી જાય આ જંગલમાંથી."
આપણે ધીરજથી કામ લેવું જોઈએ. કોઈ પણ તારણ પર આવતા પહેલા આપણે હાથીના આવા વર્તન પાછળના કારણની તપાસ કરવી જોઈએ.
એક વાર હું હાથીને સમજાવી જોઉં. જો એ ના માને તો આપણે બીજો કોઈ ઉપાય કરીશું.
સુગરી હાથીને શોધતી શોધતી તળાવ પાસે પહોંચી. તળાવમાં ઊભો ઊભો હાથી પોતાની સૂંઢ હલાવી રહ્યો હતો.
હાથીભાઈ, કેટલી મહેનતથી પંખીઓએ એમના માળા બનાવ્યા હતા. એ માળાઓમાં બચ્ચા કેટલા સુરક્ષિત અને નિશ્ચિંત હતા.
તે આ મને કેમ જ્ઞાન આપે છે ?
જ્ઞાન નહીં ભાન. તમે શું કર્યું તેનું ભાન. આ બધી તોડફોડ કરવાથી તમને કંઈ ફાયદો થયો ? પણ કેટલાયનું કેટલુંય નુકસાન થયું, ખરુંને ?
સુગરીને જવાબ આપ્યા વગર હાથી સૂંઢ હલાવતો હલાવતો ત્યાંથી ચાલી નીકળ્યો.
સુગરી ઊડીને તળાવમાં પાણી પીવા ગઈ. પણ તળાવની અંદરનું દૃશ્ય જોઈ તે ચોંકી ગઈ.


તેણે હાથીને બૂમ પાડી.
હાથીભાઈ, હાથીભાઈ થોભો.
પાછળ વળીને જોયું તો પોપટ તેના મિત્રોને લઈને હાથી પર આક્રમણ કરવા આવી રહ્યો હતો.
ના, હવે તો અમે આ ગાંડા હાથીને પાઠ ભણાવીને જ રહીશું.
થોભો મિત્રો
પોપટ આક્રમણ કરે એ પહેલા, સુગરી ઝટ દઈને હાથીના સૂંઢની ટોચ પર જઈને બેસી ગઈ. પોતાની ચાંચ હાથીની સૂંઢની અંદર મારવા લાગી.
થોડી ક્ષણો પછી એણે હાથીની સૂંઢમાંથી એક મોટો કાંટો કાઢ્યો.


મિત્રો, જ્યારે હું તળાવમાં પાણી પીવા ગઈ, ત્યારે મેં અંદર લોહી જોયું અને મને સમજાયું કે હાથીની સૂંઢમાં ચોક્કસ કોઈ ઈજા થઈ છે. અને પીડાને કારણે હાથીભાઈ તોફાન કરી રહ્યા હતા. કોઈના સંજોગો વિષે જાણ્યા વગર, આપણે જો એના પર આક્રમણ કરીએ,તો એ કેટલું ખોટું કહેવાય ? માટે ધીરજ પકડીને સમજીને કામ લઈએ તો વાતનો ઉકેલ આવે.
કાંટો નીકળતા હાથીને રાહત થઈ. એને પોતાની ભૂલનો ખેદ થયો.
મિત્રો, મને માફ કરજો. મેં તમને ખૂબ નુકસાન પહોંચાડ્યું.
હાથીભાઈ, અમને પણ માફ કરજો. તમારી વેદના વિષે જાણ્યા વગર અમે તમને જેમ તેમ કહ્યું અને તમારા પર આક્રમણ કરવાની યોજના બનાવી.
એમ ને ? પણ હવે આક્રમણ તો હું તમારા પર કરીશ.
તળાવમાં જઈ, હાથીએ પોતાની સૂંઢમાં પાણી ભર્યું અને બધા પક્ષીઓ પર પાણીનો ફૂવારો ઉડાડ્યો. હાથીની પીઠ પર બેસી, બધા પક્ષીઓએ ખૂબ ગમ્મત કરી અને સાંજ પડે પોતાના માળાઓમાં પાછા ફર્યા.

# ચાલો





રસ્તો શોધો.

બંને ચિત્રમાંથી તફાવત શોધો.



# રમીએ...

## ટપકાં જોડી ચિત્ર બનાવો.



## A થી I ગોઠવી સુડોકુ પુરુ કરો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | A | | | G | | | B | |
| G | | B | | A | D | | | H |
| | H | | B | F | | A | | |
| | | D | C | I | A | | F | |
| H | | | F | E | B | | | C |
| | I | | H | D | G | E | | |
| | | I | | C | E | | H | |
| E | | | D | B | | G | | A |
| | B | | | H | | | E | |




ભગવાન મહાવીર ચંપાનગરીમાં સમવસરણમાં દેશના આપતા હતા, ત્યારે રાજગૃહી નગરી તરફ જઈ રહેલા અંબડ પરિવ્રાજકને કહ્યું, "તમે રાજગૃહી જાઓ ત્યારે નાગસારથિની શીલવતી શ્રાવિકા સુલસાને મારા ધર્મલાભ કહેજો."

અંબડ પરિવ્રાજકને થયું કે પ્રભુ મહાવીર જે શ્રાવિકાને ધર્મલાભ કહેવડાવે, તે શ્રાવિકા ધર્મ અને વ્રતથી કેવી સુશોભિત હશે ! અંબડ પરિવ્રાજકને સુલસાની ધર્મભાવનાની અગ્નિપરીક્ષા લેવાની ઈચ્છા થઈ, તેથી યતિનો વેશ લઈને સુલસા પાસે સચિતની માંગણી કરી, પરંતુ સુલસા સહેજે ચલાયમાન થઈ નહીં. એ પછી એણે બ્રહ્માનું રૂપ લીધું અને નગરીનાં પૂર્વ દ્વાર પર ચાર મુખ, રાજહંસ પર સવારી, અર્ધાંગે સાવિત્રી એમ સાક્ષાત બ્રહ્મા હોવાનો દેખાવ સર્જ્યો. આ ચમત્કાર જોવા આખી નગરી ઊમટી, પરંતુ ધર્મનિષ્ઠ સુલસાની પ્રભુનિષ્ઠા સહેજે ચલિત થઈ નહીં. બીજે દિવસે એણેશંકરનું, ત્રીજે દિવસે શ્રી વિષ્ણુનું અને ચોથા દિવસે તીર્થંકરનું રૂપ લીધું. તીર્થંકર બિરાજમાન હોય, તેવુ દ્રશ્ય ઊભું કર્યું. અંબડને એમ હતું કે ગમે તેમ તોય તીર્થંકરનાં દર્શન કરવા તો સુલસા આવશે જ, પરંતુ સુલસા આવી નહી. બીજી બાજુ રાજગૃહી નગરીનો જનસમૂહ આ પચ્ચીસમાં તીર્થંકરનાં દર્શન માટે ઉમટ્યો. આખરે અંબડે કોઈની સાથે સુલસાને આવવા માટે નિમંત્રણ મોકલ્યું. અને સાથે તાકીદ કરી કે સુલસા તો તીર્થંકરની પરમ ઉપાસિકા છે. અને એ ખુદ તીર્થંકરનાં દર્શને આવે નહીં, તે કેવું ગણાય !

સુલસાએ નિમંત્રણ લાવનારને પ્રત્યુતર આપ્યો, " મહાનુભાવ ! આ પચ્ચીસમા તીર્થંકર નથી, બલ્કે કોઈ ધૂર્ત અને માયાવી માનવી તીર્થંકર બની બેઠા છે. તીર્થંકર ભગવાન પધારે તેની જાણ તો વાયુ અને વનસ્પતિથી પણ સહુને થઈ જાય. આજે એવું કશું થતું નથી, બલ્કે એમને એમના આગમનની જાણ કરવી પડે છે."

# ઐતિહાસિક ગૌરવગાથા



## "મહાનુભાવ ! આ પચ્ચીસમા તીર્થંકર નથી, બલ્કે કોઇ ધૂર્ત અને માયાવી માનવી તીર્થંકર બની બેઠા છે."



સુલસાની અડગ ધર્મશ્રધ્ધા જોઈને અંબડે એનાં જુદા જુદા રૂપ સમેટી લીધાં. સુલસાને ઘેર આવીને એણે કહ્યું, " તમે સાચે જ અત્યંત ભાગ્યશાળી છો. ચંપાનગરીમાં બિરાજતા ભગવાન મહાવીર સ્વામીએ સ્વયં તમને મારા દ્વારા ધર્મલાભ કહેવડાવ્યો છે."


આ સાંભળી સુલસાના હૃદયમાં રોમાંચ અને આનંદ જાગ્યો. એની વાણી ભક્તિથી ગદ્ગદિત બની ગઈ. ભગવાન જે દિશામાં બિરાજમાન હતા તે દિશાને વંદન કરીને ભગવાનની સ્તુતિ કરવા લાગી. એની ભક્તિ અને શ્રધ્ધાથી અંબડ પરિવ્રાજક ખુશ થયો.

સુલસા ગુણવતી, શીલવતી અને શાંતિપ્રિય સ્વભાવની હતી. એને પુત્રયોગ નહીં હોવાથી એણે એના પતિને અન્ય કન્યા સાથે લગ્ન કરવાનું કહ્યું હતું, પરંતુ એના પતિ નાગે કહ્યું, મારા ભાગ્યમાં પુત્રયોગ હશે તો તે તારાથી જ. એ પછી સુલસાએ તપશ્ચર્યા અને ધર્મ આરાધના શરૂ કરી. એની ભાવ વિશુદ્ધિવાળી આરાધનાથી પ્રસન્ન થયેલા ઈન્દ્રે, દેવસભામાં એની પ્રશંસા કરતાં હરિણૈગમેષીદેવે તેની કસોટી કરી. તેઓ સાધુનું રૂપ લઈને આવ્યા અને સુલસા પાસે લક્ષપાક તેલની માંગણી કરી. સુલસા લક્ષપાક તેલનો કુંભ લઈને આવી, પરંતુ દેવે અદ્રશ્ય રીતે તેલનો કુંભ પાડી નાખતાં તેલ ઢોળાઈ ગયું. આ રીતે ચાર ઘડા લાવી અને બધા જ દેવે તોડી નાખ્યા. આમ છતાં સુલસાના ચહેરા પર ક્લેશની એક રેખા પણ જોવા ન મળી. સુલસાની સ્વસ્થતા, સંકલ્પશક્તિ અને જિનભક્તિ જોઈને દેવે એમને આશીર્વાદ આપ્યા અને સુલસાને બત્રીસ પુત્રો થયા.

સુલસાએ પુત્રોને ધર્મ, કલા, નીતિ અને શાસ્ત્રમાં પારંગત કર્યા, પરંતુ રાજગૃહી નગરીના શ્રેણિક રાજાના પક્ષમાં રહીને ચેટક રાજા સામે લડતાં એના બત્રીસે પુત્રો યુદ્ધમાં હોમાય ગયા.

સુલસા પારાવાર શોકમાં ડૂબી ગઈ. નગરજનો એમાં સહભાગી થવા આવ્યા. આ સમયે અભયકુમારે શોક કરવાથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થતાં વિશેષ કર્મબંધ થાય છે, એમ કહીને સુલસા અને નાગને શાંતિ આપી. આ સુલસાએ શ્રાવિકા તરીકે ઉતમ જીવન ગાળ્યું અને સમાધિમરણ પામીને મોક્ષે ગયા.

# જીવંત ઉદાહરણ



વિખ્યાત વિજ્ઞાની થોમસ એડીસન અત્યંત પરિશ્રમી અને ધીરજવાન હતા. તેઓ એક લક્ષ્ય રાખીને જે પ્રયોગ શરૂ કરતા, તેને અંતિમ સ્થિતિ સુધી લઈ જતા. વચ્ચે આવતી નિષ્ફળતાઓ કે અવરોધો તેમને ડગમગાવી શકતા નહીં.

એક વખત ઘણી મુશ્કેલીઓ છતાં પણ એડીસને ધીરજ છોડી નહોતી. ઘણા પ્રયત્નો કરવા છતાંય પરિણામ મળતું ન હતું. થાકી હારીને, એડીસનના સાથી વૈજ્ઞાનિકો એડીસનને આ શોધ પડતી મૂકવા માટે સમજાવવા લાગ્યા, "આમ ને આમ તો આખી જિંદગી પૂરી થઈ જશે. એના કરતા આપણે હવે બીજી શોધ પર ધ્યાન કેન્દ્રિત કરીએ. આપણે પાંચસો વાર તો હાર્યા છીએ. હવે તમે આ પ્રયોગ નહીં છોડો, તો અમે તમને છોડીને જતા રહીશું."

પણ, એડીસનને પ્રયોગની સફળતા માટે પૂરેપૂરી શ્રદ્ધા હતી. તેઓ પ્રયાસ છોડવા તૈયાર નહોતા. પોતાના સાથીઓને તેમણે સમજાવ્યું. "આપણે હાર્યા નથી, પ્રત્યેક નિષ્ફળ પ્રયોગ આપણને સફળતાની નજીક લાવી રહ્યો છે."

સહાયકોએ મને-કમને એડીસનને સહાય કરવાનું ચાલું રાખ્યું. આખરે, એડીસનને પોતાની અદ્ભૂત ધીરજનું ફળ મળ્યું. બીજા પાંચ પ્રયોગ પછી પ્રયોગ સફળ નીવડ્યો અને એડીસને ઈલેક્ટ્રિક બલ્બની શોધ દુનિયાને ધરી.

# સુવાક્યો

ધૈર્ય સંતોષની ચાવી છે.

જેની પાસે ધૈર્યરૂપી ધન નથી,
તેના જેવો નિર્ધન બીજો કોઈ નથી.

માણસ માત્ર ધીરજ ધરે તો સર્વ સફળતા આવી મળે.

ધૈર્ય માનવીની સાચી વીરતા છે.

જેઓ ધૈર્યશીલ છે, તેઓ પોતાના ધારેલા કાર્યો કરી શકે છે.

લોકો નિંદા કરે કે પ્રશંસા, પરંતુ ધીર પુરૂષ ન્યાયના માર્ગમાંથી ચલિત થતા નથી.

ધૈર્ય અને પુરૂષાર્થ વડે આપણે જે પ્રાપ્ત કરી શકીએ છીએ, તે શક્તિ અને ઉતાવળથી પ્રાપ્ત થઈ શકતું નથી.



# મીઠી યાદેં

અમદાવાદના એક મહાત્મા હતા. નીરુમા જ્યારે દાદાદર્શન રહેતા હતા, ત્યારે તેઓ રેગ્યુલર ત્યાં સત્સંગ માટે આવતા. નીરુમા દાદાદર્શનથી લગભગ ૨૦૦૧ કે ૨૦૦૨ની શરૂઆતમાં અડાલજ શિફ્ટ થઈ ગયા. એ મહાત્માનું પણ અડાલજમાં મકાન હતું પણ તૈયાર નહોતું થયું. તેથી તેઓ અમદાવાદ જ હતા. નીરુમા અડાલજ ગયા તેથી તેમને નીરુમાનો બહુ જ વિરહો લાગવા માંડ્યો.

ક્યારે નીરુમા પાસે જઉં...ક્યારે જઉં..એવું રહ્યા કરે. એમનું મકાન તૈયાર થવાને હજુ દોઢ વરસની વાર હતી.

નીરુમા અડાલજ ગયા તેથી સવારના દાદાદર્શન જે દસ વાગ્યાની વિધિ થતી હતી એમાં પણ બ્રેક આવી ગયો. એટલે એ મહાત્માને બહુ જ ભોગવટો હતો. એવામાં અડાલજથી સમાચાર મળ્યા કે નીરુમા રોજ સવારના ત્યાં જે આઠ-દસ ફેમિલી શિફ્ટ થયા છે એમની સાથે સત્સંગ કરે છે. એટલે એ મહાત્માનો ભોગવટો વધી ગયો કે હું રહી ગયો.

એક દિવસ રવિવારે નીરુમા દાદાદર્શન સત્સંગ માટે આવ્યા. ત્યાં બીજા મહાત્માએ એમના વિરહની વાત કરી તો નીરુમા બોલ્યા, મોક્ષ ૨૨ કીલોમીટર જ દૂર છે.

આ સાંભળી પેલા મહાત્માને ભાન થયું કે સાચી વાત છે. અડાલજ કંઈ એવી જગ્યા નથી કે ત્યાં આપણાથી જઈ ન શકાય.

એ પછી એમણે સવારના અડાલજ સત્સંગમાં જવાનું શરૂ કર્યું. નીરુમા બહુ ખુશ હતા કે સત્સંગ માટે તમે આટલા બધા એડજસ્ટમેન્ટ લો છો.

એમાં નીરુમા સાથે મકાનની કંઈ વાત થઈ. એ ભાઈએ કહ્યું કે મકાન હજી તૈયાર નથી થયું.

નીરુમા કહે, કેમ બીજા બધા મકાનો આપણા નથી ? તારું મકાન તૈયાર નથી થયું તો 'મા' ને કહેને તો 'મા' ગમે ત્યાં કરી દે.

ત્યારથી જ્યારે પણ એ ભાઈને શિબિરમાં અડાલજ આવવાનું થાય ત્યારે નીરુમા એમની રહેવાની સગવડ કરી આપતા. મા તે મા !

Amba School & Gurukul
PRESENTS

# Jalso

*eat, enjoy, enlighten...*









## એક્ઝીબીશન









| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| D | A | F | I | G | H | C | B | E |
| G | C | B | E | A | D | F | I | H |
| I | H | E | B | F | C | A | G | D |
| B | E | D | C | I | A | H | F | G |
| H | G | A | F | E | B | I | D | C |
| F | I | C | H | D | G | E | A | B |
| A | D | I | G | C | E | B | H | F |
| E | F | H | D | B | I | G | C | A |
| C | B | G | A | H | F | D | E | I |



## પઝલના જવાબો

૧૯ ફેબ્રુઆરી ૨૦૧૭

Akram Express
February 2016
Year : 9, Issue : 6
Conti. Issue No.: 102

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

## ડીનર










## કલ્ચરલ શો





<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.